હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

બેટા, આ યાન ચંદ્ર પર પાણી છે કે નહીં તે જોવા જઈ રહ્યું છે... હવે તે પાછુ આવે પછી કાંઈ ખબર પડે...!

મુખ્યમંત્રી ગાંધીનગર રેલવે સ્ટેશનની મુલાકાતે

ભારતમાં પહેલીવાર રેલ્વેસ્ટેશન પ્લેટફોર્મ અને પરિસર ઉપર ૭૦ મીટર ઊંચાઈ સાથે ગાંધીનગરમાં આકાર પામશે આ ડ્રીમ પ્રોજેક્ટ

ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર રેલવે સ્ટેશન ખાતે આકાર પામી રહેલા હોટેલ પ્રોજેક્ટની બાંધકામ કામગીરીના નિરીક્ષણ માટે જાત મુલાકાત કરી હતી.

ગાંધીનગર રેલ્વે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ ગરૂડ અંતર્ગત આ પ્રોજેક્ટ ૭૨૧ કરોડના ખર્ચ સાથે આકાર પામી રહ્યો છે.

રેલ્વે સ્ટેશનમાં પ્લેટફોર્મ અને પરિસરની ઉપર ૭૦ મીટર ઊંચાઈ સાથે ૩૦૦ રૂમ ધરાવતો આ પ્રોજેક્ટ ભારતમાં પ્રથમ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા આ વિશ્વ કક્ષાના પ્રોજેક્ટની કામગીરીનું નિરીક્ષણ મુખ્યમંત્રીએ સતત એક કલાક સુધી કરીને બારીકાઈથી વિગતો મેળવી હતી તેમજ અધિકારીઓને જરૂરી સૂચનો પણ કર્યા હતા. મુખ્યમંત્રીના અગ્રસચિવ મનોજકુમાર દાસ, ગરૂડ પ્રોજેકટના ખાન, રેલ્વેના ડીઆરએમ તેમજ ઉદ્યોગ કમિશનર મમતા વર્મા આ મુલાકાતમાં સાથે જોડાયા હતા અને પૂરક વિગતો આપી હતી.

સફાઈકર્મીઓની વંદના-સન્માન સાથે માણસામાં યોજાયો "સોને મઢ્યો સેવાકુંભ"

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે મકાખાડ રોડ પર સ્થિત આનંદીમાના વડલે આજે "સોને મઢ્યો સેવાકુંભ" નામથી અનોખો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટના માનદ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસ દ્વારા માણસા નગરપાલિકાના તમામ સફાઈ કર્મચારીઓની વંદના તથા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માણસાના સિદ્ધયોગ ધ્યાન કેન્દ્રના પૂ. તેજસભાઈ દવે ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવ્યાં હતા.

મા પાલઈ વિઘ્નેશ્વરી ધામ પંચદેવ મંદિર તથા આનંદી માનો વડલો વાનપ્રસ્થાશ્રમના સ્થાપક દિનેશભાઈ વ્યાસના જન્મદિને યોજાયેલ સ્વચ્છતા કર્મીઓની વંદના અને સન્માનના કાર્યક્રમ "સોને મઢ્યો સેવાકુંભ"માં મુખ્ય મહેમાનપદે માણસા નગરપાલિકાના પ્રમુખ બાબુભાઈ પટેલ, અતિથિ વિશેષપદે ઉપપ્રમુખ ગીતાબેન ઠાકોર, સેનેટરી ચેરમેન કૈલાશબેન પટેલ, કારોબારી ચેરમેન મહેશભાઈ પટેલ તથા ચીફ ઓફીસર રવિભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સુપ્રસિદ્ધ લોકગાયક વિક્રમ લાબડીયાના લોકડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેનો મોટી સંખ્યામાં સ્થાનિક રહીશોએ લાભ લીધો હતો. કાર્યક્રમમાં માણસાના સફાઈ કર્મચારીઓનું પૂજન કરી તેમને પુષ્પગુચ્છ તથા શાલ અર્પણ કરવામાં આવી હતી અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્થળે અગાઉ મામસાના મહંત-પુજારીઓ, ગુરૂજનો, નિવૃત્ત સૈનિકો, વાનપ્રસ્થાશ્રમના વડિલો વગેરેનું સન્માન કરાઈ ચુક્યુ છે.

વાત્સલ્યની ઉણપ બાળક માટે વિટામિન્સની ઉણપથી વધુ ઘાતક છે : પૂજ્ય ઉદયવલ્લભસુરિ મ.સા.

ગાંધીનગર, તા. ૨૮

"કુટુંબ ભાવનાથી ધબકતા આપણા દેશમાં આજે બે સમસ્યાઓ વકરતી જાય છે એક છે "મા-બાપની સાથે સંતાનોને રહેવું નથી" અને બીજી "સંતાનો માટે મા-બાપ પાસે પુરતો સમય નથી" કેટલાંક ઘરમાં મા-બાપ વૃદ્ધાશ્રમની તમામ સવલતો સાથે રહે છે જ્યારે કેટલાક બાળકો એટલી હદે "ગર્ભ શ્રીમંત" હોય છે જેમને અનાથાશ્રમની તમામ સવલતો ઘરમાં જ મળી રહે છે." આ વિચારો વ્યક્ત કર્યા હતા જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસુરિ મહારાજ સાહેબે જ્યારે તેઓ આજે યુવાનો સહિતની વિશાળ જનમેદનીને "આવતી પેઢીના સંસ્કરણ" અંગે બોલી રહ્યાં હતા.

પૂ. ઉદયવલ્લભસુરિ મ.સા.એ જણાવ્યું હતું કે "બાળક પાસે મજૂરી ન કરાવી શકાય તેવો કાયદો બને છે પરંતુ દરેક બાળકને સ્નેહ પુરતા પ્રમાણમાં મળી રહે તે વધુ જરૂરી છે. બાળકો માટે શિક્ષણ ફરજિયાત બન્યું છે પરંતુ સંસ્કરણ ગૌણ બનતુ જાય છે. કાયદાથી દેશ ચાલે ઘર નહી, ઘર તો લાગણીભર્યા કાળજાથી ચાલે. વાત્સલ્યની ઉણપ એ બાળકને વિટામીન્સની ઉણપ કરતા વધુ ભયાનક છે. આ સાથે તેમણે વાલીઓની સમય પોંચની સમસ્યાને પાણીખેંચની સમસ્યા સાથે સરખાવતા કહ્યુ હતુ કે "મા-બાપ એ બાળકની હાથવગી ચાઈલ્ડ હેલ્પલાઈન છે. સ્કૂલમાં બાર વર્ષ ભણીને ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીની હાથમાં એક માર્કશીટ હોય છે જે તેના કેરિયર માટે અત્યંત નિર્ણાયક બને છે તેજ રીતે "ઘર" પણ એક સંસ્કાર શાળા છે જ્યાં રહેતુ બાળક બાર વર્ષનું થાય ત્યાં સુધી સર્વાંગીણ ઘડતરની એક અદૃશ્ય માર્કશીટ હોય છે જેમાં ચારિત્ર્યના, સ્વભાવના અને વ્યક્તિત્વના ગુણાંક હોય છે.

ગાંધીનગર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લિક હેલ્થમાં વિદ્યાર્થીઓનો પદવીદાન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે કેન્દ્ર સરકારના નીતિ આયોગના સભ્ય પ્રો. વિનોદકુમાર પોલ તથા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સચિવ ડૉ. રવિ જયંતિ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

ગાંધી આશ્રમ ખાતે મંગળવારે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ ધરણા યોજશે

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત રાજયના મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ છેલ્લા ત્રણ ત્રણ દાયકાથી ન્યાય માટે લડી રહ્યા છે. પોતાના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે આગામી તા.૩૦ ને મંગળવારના રોજ મહામંડળના હોદેદારો અને કર્મચારીઓ અમદાવાદ ગાંધી આશ્રમ ખાતે એક દિવસના પ્રતિક ઉપવાસ અને ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સરકાર દ્વારા ટુંક સમયમાં કર્મચારીઓના પડતર પ્રશ્નોને લઈ નિવેડો નહી આવે તો મંડળના હોદેદારો દિલ્હી જંતર-મંતર ખાતે ધરણા અને વિરોધ પ્રદર્શન કરશે.

મધ્યાહન ભોજન યોજનામાં કામ કરતા કર્મચારીઓમાં સંચાલકને રૂ.૧૬૦૦, રસોયા રૂ.૧૪૦૦ અને મદદનીશને રૂ.૧૦૦૦ વેતન મળે છે. આ વેતન છેલ્લા ૨૮ વર્ષથી મળે છે તેમા કોઈપણ વધારો આજદિન સુધી કરવામાં આવ્યો નથી. આ વેતનમાં મોંઘવારીમાં કામ કરવું અઘરુ સાબિત થાય છે. ત્યારે કર્મચારીઓની માંગણીઓ છે કે પગાર-ધોરણ લઘુતમ આપી કાયમી કરવા, એન.જી.ઓ.દાખલ નહી કરવી, અને જે જિલ્લામાં એનજીઓ છે તે રદ કરવી, તેમજ છુટા થયેલા કર્મચારીઓને પોતાના મુળ કેન્દ્રો પર ફરીવાર નિમણુંક આપવી, મધ્યાહન ભોજન યોજનામાં નવા મેનું તેમજ અલાયદો નાસ્તો આપવાના જી.આર,માં સુધારા વધારા કરવા સહિતનો સમાવેશ થાય છે. તાજેતરમાં મહામંડળના હોદેદારોએ ,રાજયપાલ, મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી. પરંતુ આજદિન સુધી કોઈ ઉકેલ ન આવતા આખરે કર્મચારીઓ આગામી તા. ૩૦ જુલાઈના રોજ એક દિવસીય ધરણા અને પ્રતિક ઉપવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજયભરમાંથી હજ્જારો કર્મચારીઓ હાજર રહેશે. ત્યારબાદ ગણતરીના દિવસોમાં તંત્ર દ્વારા ઉકેલ નહી આવેતો દિલ્હી જંતર મંતર ખાતે ધરણા અને વિરોધ પ્રદર્શન યોજાશે તેમ મંડળના પ્રમુખે જણાવ્યું છે.

"કોઈને લાંચ આપવી નહીં" તેવું લખાણ હોય તે ઓફિસોમાં કર્મચારીઓ લાંચ લેતા હોય છે

પાંચ વર્ષમાં એસીબીએ ૧૫૦૦ છટકાં કર્યા છે પરંતુ ૪૦૦ કર્મચારી છટકી ગયા છે

ગુજરાત એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) એ ભ્રષ્ટાચાર અટકાવવા માટેનું સરકારનું સોથી મોટું હથિયાર છે. છેલ્લા પાંચ વર્ષમાં એસીબીએ રાજ્યભરમાં ૧૫૦૦ જેટલા છટકાં કરીને લાંચિયા અધિકારી અને કર્મચારીઓને પકડ્યા છે પરંતુ કરમની કઠણાઇ એવી છે કે ૪૦૦ કેસોમાં લાંચિયા અધિકારી અને કર્મચારીઓ છટકી ગયા છે. પાંચ વર્ષમાં ૨૦૧૪માં સૌથી વધુ ૪૧૮ કેસ થયા છે જ્યારે ૨૦૧૮માં ૩૩૮ કેસ સામે આવ્યા છે. લાંચ લેવી એ ગુનો છે તેવા સાઇન બોર્ડ સરકારી કચેરીઓમાં બધે જોવા મળે છે છતાં પણ અધિકારી કે કર્ચચારી લાંચ માગવાનું છોડતા નથી.

સરકાર વર્ગ-૩ના કર્મચારી પર નજર રાખે...

સૌથી વધુ લાંચ લેવાના કેસો વર્ગ-૩ના કર્મચારીઓના સામે આવ્યા છે. એક વર્ષમાં વર્ગ-૩ના ૩૩૭ કર્મચારીઓ એસીબીના છટકાંમાં ફસાયા છે. બીજાક્રમે વર્ગ-૨ના ૯૧ અધિકારીઓએ લાંચ લીધી હોવાનું એસીબીએ શોધી કાઢ્યું છે. વર્ગ-૧ના ૩૨ ઓફિસરો અને વર્ગ-૪ના ૧૩ કર્મચારી લાંચ લેતા પકડાયા છે. એટલે કે વર્ષ દરમ્યાન ૭૨૯ સામે એસીબીએ કેસ દાખલ કર્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં એસીબીએ અદાલતમાં ૭૫૦ કેસોમાં ચાર્જશીટ દાખલ કર્યું છે. આશ્ચર્યની બાબત એવી છે કે ફોજદારી કાર્યવાહી પડતર હોય તેવા કેસોની સંખ્યા ૧૪૬૧ છે. એસીબીના છટકાં સૌથી વધુ ૨૬૦ છટકાં કૃષિ વિભાગમાં પડ્યાં છે. બીજાક્રમે ૧૩૭ છટકાં ગૃહ વિભાગમાં અને ત્રીજાક્રમે ૯૪ છટકાં પંચાયત વિભાગમાં પડ્યાં છે.

૨૪ ઓફિસરોને સાત વર્ષ સુધીની જેલ થઇ શકે...

એસીબીએ આપેલી માહિતી પ્રમાણે રાજ્ય અને કેન્દ્રના વિભાગો પાસે કુલ ૧૯૪ કેસોમાં પ્રોસીક્યુશનની મંજૂરી માંગવામાં આવી હતી પરંતુ સરકારે ૧૩૩ કેસોમાં આવી મંજૂરી આપી છે. ભારતીય ફોજદારી ધારો અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળના ગુના બદલ રાજ્યના વિઝિલન્સ કમિશને સચિવાલયના વિભાગોને પ્રોસીક્યુશનની મંજૂરી આપવા ભલામણ કરી છે જે પૈકી ૨૪ અધિકારીઓ તો એવા છે કે જેમની સામે ગંભીર ગુના છે. ન્યાયની અદાલતમાં જો પુરવાર થાય તો તેમને ત્રણ થી સાત વર્ષ સુધીની જેલની સજા થઇ શકે છે. એટલું જ નહીં આવા અધિકારીઓને નોકરીમાંથી બરતરફ કરવા પડે તેમ છે.

ગુજરાતના શૌચાયલોમાં પણ ભ્રષ્ટાચાર થયો છે...

એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા હાથ ધરવામાં આવેલા મહત્વપૂર્ણ કેસમાં એક કેસ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનને લગતો છે. ઓખા નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલા ૬૭૫૨ શૌચાલયોની તપાસ કરવામાં આવતા બ્યુરોને એવી માહિતી મળી કે ચીફ ઓફિસર, સીટી ઈજનેર અને એનજીઓએ ભેગામળીને કૌભાંડ કર્યું હતું. નક્કી કરેલા શૌચાયલો પૈકી માત્ર ૩૩૫૪ બનાવવામાં આવ્યા હતા. સરકારી ડિઝાઈનનું પણ તેમાં ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. ડમી લાભાર્થીની ખોટી સહી અને અંગૂઠા લગાવ્યા હતા. મૃતક વ્યક્તિને લાભાર્થી તરીકે દર્શાવ્યા હતા. એક જ શૌચાલયના ફોટા પર અલગ અલગ લાભાર્થીના ફોટા લગાવ્યા હતા. એન્જીનિયરો દ્વારા ખોટાં ચેકલિસ્ટ બન્યાં હતા. લાભાર્થીઓને ઓછો માલસામાન આપી સંપૂર્ણ ખર્ચ મેળવી લેવામાં આવ્યો હતો. ગુજરાતનો આ અદ્દભૂત કિસ્સો છે કે જેમાં કૌભાંડ થયું છે.

ખોટા ખેડૂત બનાવનાર તલાટી આઝાદ...

મહેસાણા કલેક્ટર કચેરીમાં હક્કપત્રમાં નોંધ પાડીને આડી લીટીવાળાને ખોટા ખેડૂત બનાવ્યા હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. વિજાપુર તાલુકાના એક ગામમાં આવો કિસ્સો બન્યો હતો. આડી લીટીવાળાને ખોટો ખેડૂત બનાવવા હક્કપત્રકમાં પડેલી નોંધ રદ કરવામાં આવી હોવા છતાં ફરી નોંધ પાડીને તેને પ્રામાણિક કરવામાં આવ્યો હતો. આ કેસમાં મહેસાણા જિલ્લા કલેક્ટરને વિઝિલન્સ કમિશને અહેવાલ આપવા કહ્યું હતું પરંતુ કલેક્ટરે ઘટનાના ચાર વર્ષ પછી અહેવાલ આપ્યો હતો જેમાં સર્કલ ઓફિસર અને તલાટી જવાબદાર હોવા છતાં શંકાસ્પદ કામગીરી કરીને તપાસ કર્યા વિના કેસ દફતરે કરી દેવામાં આવ્યો હતો. કલેક્ટરે પ્રકરણની ગંભીરતાને ધ્યાનમાં લીધી ન હતી.

શાકભાજીમાં ખેડૂતોને કાગળ પર સહાય...

અમદાવાદ જિલ્લાના બાગાયતી વિભાગનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કૃષિ વિભાગની એક ફાઇલમાં રજૂ થયેલા કેસ પ્રમાણે અમદાવાદના નાયબ કૃષિ નિયામકની કચેરી દ્વારા શાકભાજીના વાવેતરમાં ખેડૂતોને મળતી સહાય કાગળ પર બતાવીને એજન્ટોએ રજૂ કરેલી ખોટી સહીના આધારે ચૂકવણી કરવાનું કૌભાંડ થયું છે. ગામડાના એક અરજદારે ખેડૂતોની સહી લઈને આ કૌભાંડને ખોલવાનો પ્રયાસ કર્યો હતો. કૌભાંડકારોએ અરજદારની રજૂઆત ખોટી બતાવી તપાસ કરવાનું માંડી વાળ્યું હતું જેની વિઝિલન્સ કમિશને ગંભીર નોંધ લીધી છે.

નિવૃત્તિ પછી પણ તપાસ, છેવટે બંધ કરી...

મહેસૂલ વિભાગમાં કેવો ભ્રષ્ટાચાર થાય છે તેનો નમૂનો સામે આવ્યો છે. દાહોદ કસ્બાની એક સવાલવાળી જમીનમાં સત્તા પ્રકારની કમી કરવાનો ક્ષતિયુક્ત હુકમ કરી સરકારને નુકશાન કરનાર તત્કાલિન નાયબ કલેક્ટરને બચાવી લેવામાં આવ્યો છે. આ કેસની તપાસ કરવા માટે મહેસૂલ વિભાગ અને સામાન્ય વહીવટી વિભાગે જણાવ્યું હોવા છતાં કેસમાં વિલંબ કરીને ભ્રષ્ટ ઓફિસરને બચાવી લેવામાં આવ્યો છે. છેવટે ઓફિસર નિવૃત્ત થઈ ગયો હોવાથી આક્ષેપિત અધિકારીની નિવૃત્તિ બાદ તેમની સામે કાર્યવાહી શક્ય નહીં બને તેમ કહીને વિઝિલન્સ કમિશનને અહેવાલ રજૂ કરી દેવામાં આવ્યો છે. શંકાસ્પદ બાબત એવી છે કે આક્ષેપિત નાયબ કલેક્ટરે જે તે સમયે ખુલાસો કરી દીધો હતો છતાં તપાસની ફાઈલ આગળ વધી ન હતી.

રૂપિયા સીધા બેન્ક ખાતામાં નથી આવતા...

લાભાર્થીઓના બેન્ક ખાતામાં અમે સીધા રૂપિયા જમા કરીએ છીએ તેવું ગુજરાત સરકાર દાવો કરે છે છતાં રાજ્યમાં એવા કિસ્સા બન્યા છે કે લાભાર્થીના બેન્ક ખાતામાં રૂપિયો પણ આવ્યો નથી અને રૂપિયા સરકારની તિજોરીમાંથી નિકળી ગયા છે. સામાજીક ન્યાય વિભાગ અને આદિજાતિ વિભાગમાં આવા અસંખ્ય કિસ્સા બન્યા છે. સરકારની જુદી જુદી યોજનાઓમાં તેમજ શિષ્યવૃત્તિના લાભ સરકારની સૂચના પ્રમાણે જે તે લાભાર્થીના બેન્ક ખાતામાં મળવા જોઈએ પરંતુ ભ્રષ્ટાચારનો નવો રસ્તો શોધી કાઢવામાં આવ્યો છે. આ રૂપિયા કે લાભ લાભાર્થીના ખાતામાં જમા થવાને બદલે અન્યના ખાતામાં જમા થયા છે. વિઝિલન્સ કમિશને આવી ઘટનાઓ સામે સરકારને કહ્યું છે કે લાભાર્થીઓની પસંદગી કરતી વખતે અને તેમના ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર હેઠળ રૂપિયા જમા કરતા પહેલાં બે રીતે ક્રોસ ચેક કરવામાં આવે તો કૌભાંડ થવાની શક્યતા ઘટી જાય છે.

એક જ જમીન કેટલાય લોકોને વેચી દીધી...

ગાંધીનગર જિલ્લા કલેક્ટરમાં એક કેસ એવો સામે આવ્યો છે કે સબંધિત તલાટી દ્વારા સમયસર નોંધો નહીં પાડવાના કારણે જમીનોનું એક કરતાં વધુ વખત વેચાણ થઇ ગયું છે. સવાલવાળી જમીન અંગે તલાટીઓ દ્વારા સમયસર એન્ટ્રી થઈ ન હતી. આવી જમીનમાં એક વ્યક્તિના નામની નોંધને પ્રમાણિત કરવામાં આવી છે પરંતુ આ વ્યક્તિએ આ જમીન પહેલાં વેચી દીધી છે. જો તલાટીએ નોંધો સમયસર કરી હોત તો માલિક બન્યા પહેલાં ફરી વેચાણ કરવામાં વ્યક્તિને રોકી શકાઇ હોત. ભવિષ્યમાં આવી ઘટના બને નહીં તે માટે ગાંધીનગર જિલ્લામાં જમીનના વેચાણ વ્યવહારોમાં એન્ટ્રી સમયસર પાડવા માટે ભલામણ કરવામાં આવી છે.

મહાનગરોના ઓફિસરો દૂધે ધોયેલા બન્યા છે...

ગુજરાત સરકારે મોટી ચૂક કહી હોવાનો એક કિસ્સો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સામે આવ્યો છે. રાજ્યના શહેરી વિકાસ વિભાગને પત્ર લખીને અમદાવાદ મ્યુનિસિપલે કહ્યું હતું કે મહાનગર પાલિકાઓ સ્વાયત્ત સંસ્થા હોવાથી તેના અધિકારી કે કર્મચારીઓ વિઝિલન્સ કમિશનના કાર્યક્ષેત્રમાં આવતા નથી. જો કે આ મુદ્દે વિઝિલન્સ કમિશને સરકારને જણાવ્યું છે કે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ પ્રમાણે મહાનગરપાલિકાના અધિકાર કે કર્મચારી જાહેર સેવકો છે તેથી તેઓ કમિશનના કાર્યક્ષેત્રમાં આવે છે તેથી રાજ્ય સરકારે ઠરાવ કરીને સ્પષ્ટતા બહાર પાડવી જોઈએ.

શહેરી વિકાસ નહીં પણ ભ્રષ્ટાચારનો વિકાસ...

ગુજરાતના ટોપ ફાઈવ ભ્રષ્ટ વિભાગો પૈકી શહેરી વિકાસ વિભાગ પહેલા નંબરે આવે છે. આ વિભાગમાં છેલ્લા એક વર્ષ દરમ્યાન ૧૫૦૫ ફરિયાદો થઈ છે. રાજ્યના ૨૬ વિભાગો પૈકી બીજાક્રમે ૧૨૭૨ના આંકડા સાથે પંચાયત વિભાગ રહ્યો છે. ત્રીજાક્રમે ૧૧૫૪ ફરિયાદો સાથે મહેસૂલ વિભાગ આવે છે. રાજ્યના ગૃહ વિભાગમાં ૯૨૫ અને શિક્ષણ વિભાગમાં ૫૧૪ ફરિયાદો મળી છે. રાજ્યના ત્રણ વિભાગ—સાયન્સ-ટેકનોલોજી, વૈધાનિક બાબતો અને ક્લાયમેટ ચેન્જ એવા છે કે જ્યાં ભ્રષ્ટાચારની ફરિયાદો મળતી નથી. ૨૬ વિભાગોમાં કુલ ૮૧૮૪ ફરિયાદો થઈ છે.

નિવૃત્તિ પછીના ૧૦ વર્ષેય તપાસ પૂર્ણ નહીં...

ભ્રષ્ટાચાર થયો હોવાની ફરિયાદના આધારે વિભાગ કે એજન્સી દ્વારા તપાસ થાય છે પરંતુ જ્યારે એજન્સી અહેવાલ માગે છે ત્યારે સરકારના વિભાગો ખૂબ વિલંબ કરતા હોય છે. ૧૨ મહિનામાં ઘણાં એવા કિસ્સા બન્યા છે કે જેમની સામે ભ્રષ્ટાચારના ગંભીર આરોપ મૂકવામાં આવેલા છે તેવા અધિકારીઓ નિવૃત્ત થઈ જાય છે. સરકારા ૨૬ વિભાગોમાં ૮૧૮૪ પૈકી ભ્રષ્ટાચાર આચર્યો હોવાની ફરિયાદો થઈ છે તે પૈકી ૮૪ અધિકારી અને કર્મચારીઓ વયનિવૃત્ત થઈ ચૂક્યા છે. એવી જ રીતે બોર્ડ-કોર્પોરેશનના અધિકારીઓએ ભ્રષ્ટાચાર કર્યો હોય તેવા બહાર આવેલા ૫૭૨ કિસ્સા પૈકી ૧૪ અધિકારી કે કર્મચારી વયનિવૃત્ત થઈ ચૂક્યાં છે. મહત્વની બાબત એવી છે કે નિવૃત્તિ બાદ મળેલા કેસોની તપાસમાં એક થી આઠ વર્ષ સુધીનો વિલંબ થયો છે.

રાજ્યમાં લાંચ લઈને ભ્રષ્ટાચાર આચરતા કર્મચારી શૌચાલયને પણ છોડતા નથી

વિઝિલન્સ ૧૦ સજાની ભલામણ કરે છે તેમાં બરતરફી અને રૂખસદ સૌથી મોટી છે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

વિઝિલન્સ કમિશનમાં કઈ કઈ સજાની જોગવાઈ કરે છે...

સૌથી મહત્વનો પ્રશ્ન એ થાય છે કે વિઝિલન્સ કમિશનમાં ફરિયાદ થતા પછી સજાની જે જોગવાઈ કરવામાં આવે છે તેમાં કઈ કઈ સજાઓ કરવામાં આવતી હોય છે તે જાણવું પણ જરૂરી છે. વિઝિલન્સ કમિશને ૨૦૧૮ના વર્ષમાં સરકારને કરેલી ભલામણોમાં જેમને સજા થઈ છે તેમાં એક ઓફિસરને બરતરફ (ડિસમિસ્ડ) કરવામાં આવ્યા છે. કોઈને નોકરીમાંથી રૂખસદ (રિમૂવલ) આપવામાં આવી નથી. એવી જ રીતે સરકારે ફરજીયાત નિવૃત્તિ પણ કોઈને આપી નથી. નીચલા પગારધોરણમાં તબક્કા ઉતાર કર્યા છે તેવા કર્મચારીઓની સંખ્યા ૧૧ છે પરંતુ પાયરી ઉતારમાં એક પણ કર્મચારી નથી. ૮૬ કર્મચારીને પેન્શન કાપની સજા કરવામાં આવી છે પરંતુ બઢતી અટકાવવાનો એક પણ કેસ નથી. જો કે ૫૩ લોકોના ઈજાફા અટકાવ્યા છે. અને ૧૦ લોકો પાસેથી નુકશાનીની વસૂલાત કરવામાં આવી છે. ૧૧ કર્મચારીઓને ઠપકો આપી છોડી દેવામાં આવ્યા છે. આમ કુલ ૧૭૨ અધિકારી તેમજ કર્મચારીઓને સરકારે ૧૦ પ્રકારની શિક્ષા આપી છે.

વિઝિલન્સ કમિશનમાં ૨૩ જગ્યાઓ ખાલી છે...

ગુજરાત સરકારના નિવૃત્ત આઈએએસ અધિકારી એચકે દાસ ને ગુજરાત સરકારે માર્ચ ૨૦૧૬માં વિઝિલન્સ કમિશ્નર બનાવ્યા હતા. તેમને એક વર્ષનું એક્સટેન્શન આપવામાં આવ્યું છે. આ કમિશનમાં કુલ ૬૮ મંજૂર જગ્યાઓ પૈકી ૪૫ જગ્યાઓ ભરાયેલી છે અને ૨૩ જગ્યાઓ ખાલી છે.